નવેમ્બર – ૨૦૨૦
અંક – ૨૯

GSECL

GMDC
FUELING THE GROWTH

# અરૂણોદય



સંપાદકીય બોર્ડ

- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

- તંત્રી સ્થાનેથી
- Where is God ?
- *Brave Corona Warriors*
- ચાલો ફરી કંઇક નવીન જાણીએ.......
- ઉત્સવો શા માટે ?
- મારૂં બાળપણ
- શિક્ષકની સાર્થકતા
- ખરેખર ગરબે રમવુ એટલે શું

:: તંત્રી ::
પી.ટી. પઢેરીયા

ડિઝાઈન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન “અરૂણોદય” નવેમ્બર -૨૦૨૦ અંક-૨૯ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ – ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# Where is God ?



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

*I am living in GMDC colony at Varmanagar about 500 km away from Ahmedabad and about 150 km away from Bhuj. I have heard many people complaining that Panandhro project is in remote area. They feel deploration that they have to live in such a remote area. But I believe my self so lucky that I am gifted such a place from where I can enjoy nature very well. Given sunset pictures have not taken from any hillstation but they have been clicked from my window .*

*Other photo have also been taken from colony and nearby area. I feel nature has taken me in its lap and I enjoy real pleasure of narute. People go to hillstation and coastal area to see sunset and to enjoy nature but I can enjoy it sitting at my home. Whenever I see such beautiful natural scenes , I feel that God is present everywhere.*

*Slow down
and enjoy the
precious pleasure
of life.*

# Brave Corona Warriors



SWARANGI A. DANI











*** There is a long lockdowm,*
*To keep the corona's rate down.*
*** But there are some corona warriors ,*
*Who are still fighting for us.*
*** The fear in us is very little ,*
*Because the doctors are taking risk in hospital .*
*** We are sitting at homes and weeping,*
*But we should think of those who are sweeping.*
*** Please think about the nurses in whites and pink ,*
*Because without them our nation will sink.*
*** Before posting a photo with a cheese,*
*Salute to the hard working police.*
*** We should be very proud of our army men,*
*Because they stand under the sun without a fan.*
*** Miners extract black coal from mine ,*
*So that they can make other's home shine.*
*** So stay at home , stay safe and stay sanitize,*
*So that you can save your  and other's lives.*
*** So to handle this situation ,*
*Please be with our nation.*

---



# ચાલો ફરી
# કંઈક નવીન જાણીએ.......

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઘણીયે બાબતો આપણે અવાર નવાર સાંભળી હોય છે પણ તેની પાછળનું ખરું કારણ ખબર નથી હોતું. તો વળી અજ્ઞાત બાબતોની જાણકારી માટેની આપણી ઉત્સુકતા પણ ઘણી વખત નથી હોતી. કંઈક અંશે આળસ , બેદરકારી , જિજ્ઞાસાવૃતિ ના અભાવને લીધે આપણે ટાળીએ છીએ. ગયા વખતના અંકની માફક ફરી કંઈક નવા એકાદ– બે અચરજ વિશે જાણવાનો પ્રયત્ન કરીએ.



**→ ભારતમાં સૈનિકોને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન ક્યું છે ?**

પરમવીર ચક્ર ભારતનું સર્વોચ્ચ સૈનિક અલંકાર છે. જે દુશ્મનોની હાજરીમાં ઉચ્ચકોટીની શૂરવીરતા તથા ત્યાગ માટે આપવાવમાં આવે છે. મોટાભાગની પરિસ્થિતિઓમાં આ સન્માન મરણોપરાંત આપવામાં આવ્યું છે. આ પુરસ્કારની સ્થાપના 26  જાન્યુઆરી 1950 માં કરવામાં આવી, જે વખત ભારત ગણરાજ્ય ઘોષિત થયું. ભારતીય સેનાનાં કોઈપણ અંગના અધિકારી કે કર્મચારી આ પુરસ્કાર માટે પાત્રતા ધરાવે છે. મેજર સોમનાથ શર્મા  પરમવીર ચક્ર  મેળવનારા પ્રથમ વ્યક્તિ હતા. ભારત સરકારે નવેમ્બર 1947 ના ભારત– પાકિસ્તાન સંઘર્ષમાં તેમની વીરતા માટે તેમને આ મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કર્યા હતા. આ ભાગ્યશાળી વીર શહિદ ને લાખો સલામ .



**→ માળામાં 108 મણકા શા માટે હોય છે?**

માનવ શરીરમાં જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી તેનું જીવન શક્ય છે. શ્વાસ ગયો એટલે દેહ શૂન્ય . આમતો માનવે પ્રત્યેક શ્વાસે ભગવાનનું નામ લેવું જોઈએ. માણસ આ પ્રકારે એક દિવસમાં 21600 વખત શ્વાસ લે છે. આનાથી રાત્રીના અડધા જેટલા ઓછા કરતાં 10800 શ્વાસ રહે છે. આ પ્રમાણે માણસે દરરોજ 10800 વખત ભગવાનનું નામ લેવું જોઈએ.પરંતુ હદયપૂર્વક લીધેલું એક નામ 100 વખતની બરાબર છે. આ પ્રમાણે માણસ હદયપૂર્વક 108 મણકાની માળાનો જાપ કરે તો તેના પ્રત્યેક શ્વાસોશ્વાસમાં ભગવાનનું નામ લે છે તેમ કહેવાય.તો વળી ઋગ્વેદના સુકતોની સંખ્યા પણ 108 છે. તેમજ 27 નક્ષત્ર અને 4 દિશાઓ (27x 4 = 108)  મળી  કુલ 108 જગ્યા સુધી વેદના વિચારો પહોંચાડવાની આંતરિક ભાવનાના દર્શન માળામાં થાય છે.



# ઉત્સવો શા માટે ?



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આપણા રોજિંદા જીવન વ્યવહારમાં સતત ભાગદોડ ચાલી રહી છે. જેથી રૂટિન જીવનમાં સુષ્કતા આવી જાય છે. આવા સમયે જ્યારે ઉત્સવનો દિવસ આવે ત્યારે આપણને ખૂબ આનંદ થાય છે. જીવનની જડતા માંથી બહાર નીકળવા મળે છે.

**ઉત્સવો એટલે જે ઊર્ધ્વ જન્મ કરાવે તે.**

ઉત્સવો ફક્ત મજા માટે જ નથી. તેમાં આપણને જીવનદર્શન પણ મળે છે. ઉત્સવમાં રહેલો **ઉલ્લાસ એ પ્રેય છે અને તેમાંનું જીવન દર્શન તત્વ એ શ્રેય છે.**



ઉત્સવો ફક્ત ખાઈ પી ને મોજ કરવા માટે જ નથી પણ તેમાંથી આપણને ઉચ્ચ જીવન જીવવા માટે ની દૃષ્ટિ મળે છે.

આપણા ઉત્સવોનો સંસ્કૃતિ સાથે અતૂટ સંબંધ છે. દરેક ઉત્સવ પાછળ આપણો સાંસ્કૃતિક ઇતિહાસ ઝલકે છે.ઉત્સવો માનવને શ્રેષ્ઠતાના શિખર તરફ લઇ જનાર છે.

આજે જોતાં એમ લાગે છે કે ઉત્સવો તેનું હાર્દ ગુમાવી બેઠા છે અને ફક્ત મજા મેળવવાનું સાધન માત્ર બનીને રહી ગયા છે.



જન્માષ્ટમી - જુગાર , મટકીફોડ

દિવાળી - નવા કપડાં / મિઠાઈ

હોળી - રંગગુલાલ

નવરાત્રી - ગરબા , દાંડીયારાસ




ઉત્સવોની ફક્ત આપણને આવી ઝલક અત્યારે દેખાઈ રહી છે. તેની સમજનો અભાવ વર્તાઇ રહયો છે. તેના ઉપર ચડેલી ધૂળને ખંખેરી ફરી સમજ સાથે ઉત્સવોનું હાર્દ સમજવાની જરૂર છે.

માનવ ઈતિહાસ સાક્ષી છે કાળક્રમે ક્રિયામાં કર્મકાંડ , જડતા આવે પણ તેને સાફ કરવા , તેમાં ચેતના અને સત્ય સમજણ ભરવા એ જ સાંસ્કૃતિક જીર્ણોધ્ધારનું કાર્ય છે. જે પ્રત્યેક કાળમાં માણસે કરતાં રહેવું પડશે નહિંતો તેના પર જાળાં બાઝી જશે. આવનાર નવી પેઢી ઉત્સવોને ફક્ત રુટિન સમજી અવગણના કરશે.

**ટિળક મહારાજે – ગણેશ ઉત્સવ** અને **શિવાજી જયંતિ**ના ઉત્સવ દ્વારા આખા મહારાષ્ટ્રમાં સ્વાતંત્ર્યની ચળવળ થી **હિન્દુ ધર્મની જાગૃતી નું કાર્ય કરી દેખાડયું.**

ચાલો, આપણે સૌ પણ નજીકમાં જ આવનારા નવરાત્રિ, દિવાળી જેવાં પવિત્ર ઉત્સવો ને ચીલાચાલુ ન બનાવતાં તેની પાછળના હાર્દને સમજવાનો દૃષ્ટિકોણ કેળવીએ અને જીવન સાથે તેનું તાદાત્મ્ય સાધવાનો પ્રયત્ન કરીએ.



# મારૂં બાળપણ




વિષ્ણુંભાઈ પ્રભુરામ પટેલ
ટેક્નીશીયન
લિગ્નાઈટ પ્રોજેક્ટ, પાન્ધ્રો


બાળપણનું મારૂં આખું ફળિયું ખોવાયું
અને
રમતો હું એ મારૂં પ્યારૂં આંગણું ખોવાયું
નથી રે છીપતી તરસ ફ્રીજના પાણીથી
કેમકે
રસોડામાં રમતું એ પાણીયારૂં ખોવાયું
નથી રે આવતું લૂંછવા આંસુ આજ કોઈ મારા
અને

મારી "માં" લૂંછતી એ ઓઢણું ખોવાયું
થાકી જવાય છે થોડું જ અંતર ચાલતા હવે
જ્યારે


કિલોમીટર મને દોડાવતું એ મારૂં પૈડું ખોવાયું
બત્રીસ ભાતના ભોજન ક્યાં ભાવે છે હવે
ત્યારે

ગોળ – ઘી નું મારી "માં" – બેની નું એ ચુંરમું ખોવાયું
મારવા પડે છે મિત્રોના દ્વારે હવે ટકોરા
કેમકે
સીધો જતો એ ખુલ્લું હવે બારણું ખોવાયું
નથી ભૂંસી શકતો હવે લખેલું આ કાગળનું
ત્યારનું


એ દફતર ને મારી પેન ને પાટીયું ખોવાયું
ઘણા દોસ્તો છે ફેસબુક અને વોટએપમાં
પણ
લંગોટીયા યાર સાથેનું મારૂં આખે આખું ગામ ખોવાયું



આર.એલ. દેસાઈ
પ્રાથમિક શિક્ષક




## ખરેખર ગરબે રમવુ એટલે શું ?



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક



ગરબો તે બ્રહ્માંડનું પ્રતિક છે,
ગરબા મા ૨૭ છિદ્ર હોય છે,
૯ ની ૩ લાઈન એટલે ૨૭ છિદ્ર તે ૨૭ નક્ષત્ર છે,
એક નક્ષત્ર ને ચાર ચરણ હોય છે,
૨૭×૪=૧૦૮
નવરાત્રી મા ગરબા ને મધ્ય મા રાખી ૧૦૮ વખત
ગરબી રમવાથી અથવા ઘૂમવાથી બ્રહ્માંડની
પ્રદિક્ષણા કરવાનૂ પૂણ્ય મળે છે.
ગરબા રમવાનું મહાત્મ્ય આ છે.